**સાહિત્યનો એક અતિ વિશિષ્ટ પ્રકાર છે રહસ્યકથા. તેનું શુદ્ધ સ્વરૂપ વાચનનો આનંદ આપવાની સાથે તર્કશક્તિની કેળવણી કરે છે અને અપરાધ પ્રત્યેની સૂક્ષ્મ સૂઝ પણ વિકસાવે છે. આ કારણે સાહિત્યનો આ પ્રકાર સમજુ વાચકોમાં હંમેશાં લોકપ્રિય રહ્યો છે. આ ક્ષેત્રમાં સર્જન કરનાર સર્વશ્રેષ્ઠ મહિલા લેખિકા એટલે અગાથા ક્રિસ્ટી. આવો, રહસ્યકથાઓના પ્રવાહ વચ્ચે તેમની રસપ્રદ જીવનકથાનું પણ આચમન કરી લઈએ......**

# એ સ્મૃતિભ્રંશનો શિકાર બની ગયો અને અચાનક ગુમ થયાં!



## મહારાણી અગાથા-1

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

કોઈ મને પૂછે કે રહસ્યકથા, રોમાંચકથા, તર્કકથા અને અપરાધ-શોધન કથાના ક્ષેત્રે સૌથી સફળ મહિલા સર્જક કોણ? તો બેધડક જવાબ આપી શકાય - અગાથા ક્રિસ્ટી.

મૂળે મેરી ક્લેરિસા મિલર તરીકે 1890માં જન્મેલાં અને 1976માં અવસાન પામેલાં અગાથા ક્રિસ્ટી અંગ્રેજી ભાષાનાં વિશ્વવિખ્યાત લેખિકા હતાં. તેમના પિતા અમેરિકન અને માતા અંગ્રેજ હતાં. તેમણે બે લગ્ન કર્યા હતા. પ્રથમ આર્ચિબાલ્ડ ક્રિસ્ટી સાથે અને ત્યારબાદ પુરાતત્ત્વવિદ્ મેક્સ મેલોવન સાથે.

તેમણે અનેક લોકપ્રિય ડિટેક્ટિવ પાત્રો સર્જ્યાં, પરંતુ તેમાં સૌથી વધુ પ્રસિદ્ધ પાત્ર હરક્યુલ પોઇરો છે. બેલ્જિયમના પોલીસ વિભાગના નિવૃત્ત અધિકારી હરક્યુલ પોઇરો લંડનમાં વસવાટ કરે છે. માનવસ્વભાવ અને પરિસ્થિતિઓનું અત્યંત ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને તે અઘરામાં અઘરા ગુનાઓનો ભેદ ઉકેલે છે. સાથે-સાથે તે બ્રિટિશ સમાજની કેટલીક વિચિત્રતાઓ અને મર્યાદાઓ પર વ્યંગ પણ કરે છે. હરક્યુલ પોઇરોની કથાઓ વિશ્વભરમાં અત્યંત લોકપ્રિય બની હતી.

આ ઉપરાંત તેમણે મિસ માર્પલ, ટપેન્સ, ટોમી બેરેસફર્ડ અને પાર્કર પાઇન જેવા યાદગાર પાત્રો પણ સર્જ્યાં. તેમાં વૃદ્ધ અને નિવૃત્ત શિક્ષિકા મિસ માર્પલને તો વિશ્વવ્યાપી લોકપ્રિયતા મળી.

અગાથા ક્રિસ્ટીનું મૂળ નામ મેરી ક્લેરિસા મિલર હતું. તેમનો જન્મ ઇંગ્લેન્ડના ડેવન પરગણાના ટોર્કે શહેરમાં થયો હતો. તેમના પિતા ફ્રેડરિક આલ્વા મિલર અમેરિકન હતા અને માતા ક્લારા અંગ્રેજ હતાં. મેરી હજુ નાનાં હતાં ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું. પરિણામે તેમના ઉછેર અને શિક્ષણની સમગ્ર જવાબદારી માતા પર આવી પડી. માતાએ આ જવાબદારી સમજદારીપૂર્વક નિભાવી. તેમણે દીકરીને વાંચન માટે પ્રોત્સાહિત કરી, બહોળું વાચન કરાવ્યું અને નાની ઉંમરથી જ વાર્તા તથા કવિતા લખવા માટે પણ પ્રેરણા આપી.

પિતા વિનાના બાળકનું એકાંત વિશિષ્ટ હોય છે. તેની દુનિયા કલ્પિત નાયકો અને કલ્પનાઓથી ભરેલી હોય છે. આવી કલ્પનાઓમાંથી જ અનેક વાર્તાઓ જન્મે છે. નાનકડી મેરી પણ મનમાં વાર્તાઓ રચતી અને બદલતી રહેતી. જોકે એ ઉંમરે તેમણે કવિતાઓ તો લખી, પરંતુ વાર્તાઓ કાગળ પર ઉતારી નહોતી. લગભગ તેરથી પંદર વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વાર્તાઓ લખવાની શરૂઆત કરી. પાછળથી તેઓ કહેતાં કે એ બધી વાર્તાઓ ખૂબ જ ભાવુક અને સેન્ટિમેન્ટલ હતી. સોળ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી માતાએ વિચાર્યું કે દીકરીને કોઈ કારકિર્દી મળી રહે. તેથી તેમને પેરિસની એક સંગીત શાળામાં ગાયકી શીખવા માટે મોકલ્યાં. પરંતુ અહીં તેમને બે મર્યાદાઓ નડી. તેઓ સ્વભાવે અત્યંત શરમાળ હતાં, તેથી જાહેરમાં ગાવામાં સંકોચ અનુભવતા. વધુમાં તેમનો અવાજ જાહેર ગાયકી માટે જરૂરી હોય તેટલો બુલંદ પણ નહોતો. પરિણામે ગાયિકા તરીકે કારકિર્દી બનાવવાનો વિચાર પડતો મૂકવો પડ્યો.

ત્યારબાદ શિયાળો પસાર કરવા મા-દીકરી ઇજિપ્તના કૈરો શહેરમાં ગયાં. ત્યાં મળેલી નિરાંત દરમિયાન મેરીએ એક આખી નવલકથા લખી નાખી. ઉપરાંત કેટલીક ટૂંકી વાર્તાઓ પણ લખી. તેમની આ પ્રથમ નવલકથા પુસ્તકાકારે પ્રકાશિત થઈ નહોતી, પરંતુ તેમાંની કેટલીક વાર્તાઓ જરૂર સામયિકોમાં પ્રકાશિત થઈ હતી.

આ દરમિયાન બ્રિટનમાં રહેતા ત્યારે જાણીતા લેખક ઇડન ફિલપોટ્સ તેમની પડોશમાં રહેતા હતા. તેમણે મેરીને લેખન ચાલુ રાખવા માટે પૂરતું પ્રોત્સાહન આપ્યું.

1912માં મેરીનું વેવિશાળ રોયલ ફ્લાઇંગ કોર્પ્સના અધિકારી આર્ચિબાલ્ડ ક્રિસ્ટી સાથે થયું. લગ્ન થાય તે પહેલાં જ 1914માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. યુદ્ધને કારણે જીવનની અનિશ્ચિતતા સમજી આર્ચિબાલ્ડ ક્રિસ્ટીએ લગ્ન થોડા સમય માટે મુલતવી રાખ્યાં.

યુદ્ધ દરમિયાન મેરી એક હોસ્પિટલમાં સ્વયંસેવિકા તરીકે સેવા આપતાં હતાં. આ કામગીરી એટલી કઠિન હતી કે લેખન માટે બહુ ઓછી નવરાશ મળતી. તેમ છતાં જ્યારે પણ થોડોક સમય મળતો ત્યારે તેઓ ડિટેક્ટિવ વાર્તાઓ વાંચી લેતાં. તેમનું માનવું હતું કે ચિંતામુક્ત બનવા માટે અને મનને વ્યસ્ત રાખવા માટે ડિટેક્ટિવ વાર્તાઓ શ્રેષ્ઠ સાધન છે. આવી વાર્તાઓ વાંચતાં-વાંચતાં તેમને પોતાની નવી વાર્તાઓના વિચારો પણ આવવા લાગતા. આ બધા વિચારો મનમાં સંગ્રહી રાખીને તેઓ ફરી ઘાયલ સૈનિકોની સારવારમાં વ્યસ્ત થઈ જતાં.

યુદ્ધ પૂર્ણ થયા પછી આર્ચિબાલ્ડ ક્રિસ્ટી સાથે તેમના લગ્ન થયાં. મેરી મિલર હવે મેરી ક્રિસ્ટી બન્યાં. સમૃદ્ધ પરિવારમાં લગ્ન થતાં તેમને થોડો નિરાંતનો સમય મળવા લાગ્યો. આ સમયનો ઉપયોગ કરીને તેમણે એક ડિટેક્ટિવ નવલકથા લખવાનું શરૂ કર્યું. ઘરકામ વચ્ચે અને વેકેશન દરમિયાન નવલકથા સતત લખાતી, સુધરતી અને ઘડાતી રહી. અંતે 'ધ મિસ્ટિરિયસ અફેર એટ સ્ટાઇલ્સ' નામની તેમની પ્રથમ ડિટેક્ટિવ નવલકથા પૂર્ણ થઈ.

**1912માં મેરીનું વેવિશાળ રોયલ ફ્લાઇંગ કોર્પ્સના અધિકારી આર્ચિબાલ્ડ ક્રિસ્ટી સાથે થયું. લગ્ન થાય તે પહેલાં જ 1914માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. યુદ્ધને કારણે જીવનની અનિશ્ચિતતા સમજી આર્ચિબાલ્ડ ક્રિસ્ટીએ લગ્ન થોડા સમય માટે મુલતવી રાખ્યાં**

પુસ્તક પ્રકાશિત કરાવવા માટે તેમણે વિવિધ પ્રકાશકોનો સંપર્ક કર્યો. એક પછી એક એમ સાત પ્રકાશકોએ હસ્તપ્રત નકારી કાઢી. આઠમા પ્રકાશકે તો આખું એક વર્ષ કોઈ જવાબ જ આપ્યો નહીં. પછી જ્યારે પુસ્તક પ્રકાશિત કરવાની તૈયારી બતાવી, ત્યારે માત્ર 125 ડોલર જેટલી નગણી રોયલ્ટી આપવાની શરત મૂકી.

મેરી ક્રિસ્ટીને તે સમયે રોયલ્ટી કરતાં પુસ્તક પ્રકાશિત થાય તે વધુ અગત્યનું લાગતું હતું. તેથી તેમણે આ શરત સ્વીકારી લીધી. માત્ર એટલી વિનંતી કરી કે પુસ્તક પર લેખક તરીકે મારું નામ 'અગાથા ક્રિસ્ટી' છાપશો. કેટલાક લેખકો પોતાની પ્રથમ કે બીજી કૃતિથી જ લોકપ્રિય બની જાય છે. ઘણી વાર વિવેચકોને ગમે એવું, તેમની મર્યાદિત પરિભાષા અને દૃષ્ટિકોણમાં બંધબેસે એવું સાહિત્ય લખનારને વહેલી સ્વીકૃતિ મળી જતી હોય છે. પરંતુ જે સર્જક કંઈક અલગ પ્રકારનું લખે છે, તેને પ્રકાશકો અને વાચકોની સ્વીકૃતિ મેળવવા માટે લાંબો સંઘર્ષ કરવો પડે છે.

અગાથા ક્રિસ્ટી તો ડિટેક્ટિવ સાહિત્ય જેવા તે સમયના પ્રમાણમાં અલગ ગણાતા સાહિત્યપ્રકાર સાથે આવ્યા હતા. તેમની એક પછી એક છ કૃતિઓ પ્રકાશિત થઈ ત્યાં સુધી તો તેમને પોતાને પણ લેખક તરીકે પૂરતો આત્મવિશ્વાસ આવ્યો નહોતો.

આ દરમિયાન તેમણે 1925માં 'ધ રોડ ઓફ ડ્રીમ્સ' નામનો કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત કર્યો. એ જ સમયગાળામાં તેમના જીવનમાં મધુર ક્ષણ તરીકે પુત્રી રોઝાલિન્ડનો જન્મ પણ થયો.

પરંતુ 1925નું વર્ષ માત્ર સુખદ પ્રસંગો લઈને આવ્યું નહોતું. અગાથા ક્રિસ્ટીના જીવનમાં આ વર્ષ ભારે આઘાતો લઈને આવ્યું. સૌપ્રથમ તેમની માતાનું અવસાન થયું. ત્યારબાદ તેમના દાંપત્યજીવનમાં ભંગાણ પડ્યું. મોટી ઉંમરે માતૃત્વ પ્રાપ્ત કરવું અને પછી સતત આવી બે કરુણ ઘટનાઓનો સામનો કરવો પડતાં તેઓ માનસિક રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યાં. તેઓ સ્મૃતિભ્રંશ (એમ્નેશિયા)નો ભોગ બન્યાં અને 1926માં અચાનક ગુમ થઈ ગયાં.

અગાથા ક્રિસ્ટીના ગુમ થઈ જવાની આ ઘટના વિશ્વભરમાં ભારે ચર્ચાનો વિષય બની. અખબારોમાં મોટા મથાળાં છપાયા, અસંખ્ય લેખો લખાયા, સંશોધનો થયા, અનેક અનુમાનો અને તર્કો રજૂ થયા, પરંતુ ઘટનાનું સાચું રહસ્ય આજ સુધી અકબંધ છે.

2026માં આ ઘટનાને સો વર્ષ પૂર્ણ થયાં, છતાં રહસ્યકથાની આ મહારાણીના રહસ્યમય અદૃશ્ય થવાનો ભેદ કોઈ ઉકેલી શક્યું નથી. હજારો વખત પૂછવામાં આવ્યું હોવા છતાં અગાથા ક્રિસ્ટી પોતે પણ એ દિવસોમાં તેઓ ક્યાં હતાં, શું કરતાં હતાં કે તેમની સાથે શું બન્યું હતું તેનો કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યાં નહોતાં. કોઈ અન્ય વ્યક્તિએ પણ વિશ્વસનીય રીતે તેમને તે સમયગાળા દરમિયાન જોયાનો દાવો કર્યો નથી. કદાચ આ રહસ્ય ક્યારેય ઉકેલાશે નહીં.

અલબત્ત, તેમના અદૃશ્ય થવાની ઘટનાએ તેમના સાહિત્ય પ્રત્યે લોકોમાં અદ્ભુત રસ જગાવ્યો. તેમના પુસ્તકોનું વાંચન વધ્યું, પરંતુ આ ઘટનાએ તેમને વ્યક્તિગત રીતે ઘણી પીડા પણ આપી. અનેક લોકોએ તેમના વિશે વિવિધ પ્રકારના આક્ષેપો કર્યા. અંતે કર્નલ આર્ચિબાલ્ડ ક્રિસ્ટીએ પણ છૂટાછેડા લઈને આ સંબંધનો અંત લાવી દીધો.

**(વાચકમિત્રો! ડિટેક્ટિવ કથા-સાહિત્યના ક્ષેત્રે વિશ્વમાં અગ્રસ્થાને પહોંચેલાં આ મહાન લેખિકાની રસપ્રદ જીવનકથાનો બાકીનો ભાગ આપણે આગામી સપ્તાહે જાણીશું. ત્યાં સુધી ગત અંકમાં પૂછાયેલી રહસ્યકથાનો ઉકેલ જોઈએ.)**

### રહસ્યકથા 'રણજીત એટલે જીત'નો ઉકેલ

*અજય મલકાયો. 'ગજાનનરાવ! હું માત્ર ક્રિકેટનો રસિયો જ નથી, પણ બાળપણથી જ શેરી ક્રિકેટ ખૂબ રમ્યો છું. એટલે તેનું થોડુંક જ્ઞાન મને પણ છે. આ શ્રીમાને જ્યારે કહ્યું કે રણજીતે લેગ-સ્પીનરના દડા પર ઓફમાં છગ્ગો ફટકાર્યો હતો, એ ક્ષણે હું વિચારમાં પડી ગયો. લેગ-સ્પીનરનો દડો એટલે બેટ્સમેનના પગ તરફ વળતો દડો. તેને કટ કરી શકાય, હૂક કરી શકાય કે ગ્લાન્સ કરી શકાય. પરંતુ તેને ઓફમાં, એટલે કે બેટ્સમેનની સામેની દિશામાં ફટકારવો મુશ્કેલ હોય છે અને આવા બોલ પર છગ્ગો મારવો તો અશક્ય જ છે. આ વાતે મને વિચારમાં પાડી દીધો.' 'શાબાશ!' ગજાનનરાવે ઉલ્લાસથી કહ્યું. 'આ માણસ મુલાકાતના બહાને આવ્યો હતો અને મારા પર હુમલો કરીને મને બાથરૂમમાં પૂરી રાખ્યો હતો. હવે જલદી ચાલો, હું રણજીતની રમત જોવા માંગું છું.'*